વડોદરાનો પૂર્વ ઝોન 'ખોદકામ ઝોન' બન્યો: વિકાસની ગાડી ખાડામાં અટવાઈ!

25 જેટલા પ્રોજેક્ટ્સ એકસાથે શરૂ કરાતા રસ્તાઓ પર ડાયવર્ઝનનો મારો; પીક અવર્સમાં વાહનચાલકોની કસોટી

અલગ-અલગ વિભાગો દ્વારા એકસાથે કામ શરૂ કરી દેવાતા નાગરિકોની સુવિધા હાલ દુવિધામાં પરિણમી

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વિકાસલક્ષી કામગીરી તેજ કરવામાં આવી છે, પરંતુ આ કામગીરી સામાન્ય જનતા માટે મુસીબતનું કારણ બની રહી છે. ખાસ કરીને શહેરના પૂર્વ ઝોનમાં રસ્તાઓ પર ઠેર-ઠેર ખોદકામ અને કામગીરીને કારણે આખો વિસ્તાર 'ખોદકામ ઝોન'માં ફેરવાઈ ગયો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. અલગ-અલગ વિભાગો દ્વારા એકસાથે કામ શરૂ કરી દેવાતા નાગરિકોની સુવિધા હાલ દુવિધામાં પરિણમી છે.

શહેરના સૌથી વ્યસ્ત ગણાતા જુબેલી બાગ પાસે મુખ્ય રસ્તો અવરજવર માટે બંધ કરવાની ફરજ પડી છે. તેવી જ રીતે ભૂતડી જાપા (વોર્ડ નં. 14) અને કારેલીબાગ પાણીની ટાંકી પાસે પણ રસ્તાઓ ખોદાયેલા હોવાથી વાહનચાલકો ભારે અગવડ ભોગવી રહ્યા છે. ન્યુ વીઆઈપી રોડ પર કલ્પનાનગર સોસાયટી અને વૃંદાવન પાર્કથી ખોડિયાર નગર જતા રસ્તા પર એક તરફનો માર્ગ બંધ હોવાથી વાહનચાલકોને વન-વેથી પસાર થવા મજબૂર બનવું પડે છે.

દુકાનોની બહાર ચાલી રહેલી લાંબી કામગીરીને કારણે વેપારીઓના ધંધા પર પણ અસર પડી રહી છે. પીક અવર્સમાં એક સ્થળેથી બીજે સ્થળે પહોંચવું લોકો માટે જહેમતભર્યું બન્યું છે. તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ચોમાસા પહેલા તમામ કામો પૂર્ણ કરી દેવામાં આવશે. જોકે, સ્થાનિકોની માંગ છે કે ખોદાયેલા ખાડા અને અધૂરી કામગીરી વહેલી તકે પૂરી કરવામાં આવે જેથી જનજીવન સામાન્ય બની શકે.

ક્યા વિસ્તારોમાં શું કામ ચાલી રહ્યું છે?

આજવા રોડ: સરદાર એસ્ટેટ ચાર રસ્તાથી વિનય સોસાયટી સુધી માઇક્રો ટનલિંગ પદ્ધતિથી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ ચાલુ છે.

ડભોઈ રોડ (વોર્ડ નં. 5): દસાલાડથી પ્લેનેટ વોલ સુધી અને પ્રભુનગરથી વૃંદાવન ચાર રસ્તા સુધી નવી વરસાદી ગટરની કામગીરી ચાલી રહી છે.

ખોડિયાર નગર (વોર્ડ નં. 4): ચાર રસ્તાથી પાંજરાપોળ સુધી ડ્રેનેજ અને વરસાદી ચેનલની કામગીરી પ્રગતિમાં છે.

શિવસાગર સોસાયટી: શિવસાગર ચાર રસ્તાથી વૈકુંઠ-2 સુધી કવર્ડ વરસાદી ચેનલનું કામ ચાલી રહ્યું છે.

25 જેટલા કામો પ્રગતિમાં

પૂર્વ ઝોનમાં હાલમાં વિવિધ વિભાગો દ્વારા મોટા પાયે કામગીરી ચાલી રહી છે:

ડ્રેનેજ વિભાગ
સૌથી વધુ 13 કામો કાર્યરત છે.

રોડ વિભાગ
8 જેટલા રસ્તાના કામો ચાલી રહ્યા છે.

પાણી પુરવઠા વિભાગ
4 જેટલા કામો પ્રગતિ હેઠળ છે.

ફતેગંજ બ્રિજ પર રિક્ષા પલટી જતાં શાકભાજી વેરવિખેર, ડ્રાઈવરનો બચાવ

ફતેગંજ બ્રીજ પર એક ઓટો રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. જેથી એમાં લઈ જવામાં આવતું શાકભાજી રસ્તાપર વેરાઈ ગયું હતું. જેના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અન્ય લોકોની મદદથી ઓટો રિક્ષા ચાલકને બહાર કાઢવામાં આવ્યો હતો, સદનશીબે તેનો આબાદ બચાવ થયો હતો. પરંતુ શાકભાજી રસ્તાપર વેરાઈ જવાને કારણે આર્થિક નુકશાન પણ થયું હતું. આમ એક પછી એક અકસ્માતોના બનાવ ચિંતા નું કારણ બન્યું છે.

સ્થાયી સમિતિએ એકસાથે 11 દરખાસ્તો પર મારી મહોર

પમ્પિંગ સ્ટેશનોમાં 10.39 કરોડના ડીજી સેટ અને આજવા સરોવરમાં નવી સ્ટોર્મ વોટર સિસ્ટમ મંજૂર

નવા આવાસો માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે શુક્રવારે સ્થાયી સમિતિની એક અગત્યની બેઠક યોજાઈ હતી. શહેરના સર્વાંગી વિકાસને વેગ આપવા અને નાગરિકોની પ્રાથમિક સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી આ બેઠકમાં કુલ 11 જેટલી વિવિધ દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. સમિતિએ તમામ 11 દરખાસ્તોને સર્વાનુમતે મંજૂરી આપી દીધી છે, જેનાથી આગામી દિવસોમાં શહેરમાં કરોડોના ખર્ચે નવા વિકાસકાર્યો હાથ ધરાશે.

શુક્રવારે મળેલી બેઠકમાં સૌથી મહત્વનો નિર્ણય પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે લેવામાં આવ્યો હતો. શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને હક્કનું ઘર મળી રહે તે માટે એફોર્ડેબલ હાઉસિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા રજૂ કરાયેલી દરખાસ્ત મુજબ, નવા આવાસોના DPR બનાવવા માટે ચાર નામાંકિત કન્સલ્ટન્ટ્સની નિમણૂક કરવામાં આવી છે. આ કન્સલ્ટન્ટ્સમાં સૌજાણી એન્ડ ઈ કન્સલ્ટન્ટ, ધવલ એન્જિનિયર અને વાપકોષ લિમિટેડનો સમાવેશ થાય છે. સમિતિએ સૂચના આપી છે કે પ્લાનમાં કોઈ પણ ફેરફાર થાય તો તેની જાણકારી સ્ટેન્ડિંગ કમિટીને અગાઉથી આપવાની રહેશે. પાણી પુરવઠા અને ડ્રેનેજ

વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે પણ મોટા નિર્ણયો લેવાયા છે. શહેરના 25 જેટલા ઓક્સિલરી પમ્પિંગ સ્ટેશન અને મેઈન પમ્પિંગ સ્ટેશન ખાતે નવા ડીજી સેટ લગાડવા માટે 10.39 કરોડના ખર્ચને મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત, પૂર્વ ઝોનમાં પાણીની લાઈનોની જાળવણી માટે 70 લાખ અને પાણી પુરવઠા વિભાગમાં ઓપરેટરોની વ્યવસ્થા માટે વધારાના 20 લાખની નાણાકીય મર્યાદા મંજૂર કરવામાં આવી છે. શહેરની સુંદરતા અને પર્યાવરણની જાળવણી માટે રોડ ડિવાઈડર અને બ્રિજ પરના છોડને પાણી પાવા માટે 75 લાખની ફાળવણી કરાઈ છે. સાથે જ ચોમાસાની સ્થિતિને પહોંચી વળવા આજવા સરોવર ખાતે 7.84 કરોડના ખર્ચે નવીન સ્ટોર્મ વોટર ડિસ્પોઝલ સિસ્ટમ કાર્યરત કરવાનું નક્કી કરાયું છે. આ સિવાય બિલ ગામ ખાતે નવું કૃત્રિમ તળાવ, વિવિધ બ્રિજનું સ્ટ્રક્ચર રિપેરિંગ અને ઝોન વાઈઝ ફૂટપાથ-પેવર બ્લોકના કામોને પણ મંજૂરીની મહોર મારવામાં આવી છે.

ગોરવા પોલીસ દ્વારા સેફ્ટી ગાર્ડનું વિતરણ

ગોરવા પોલીસ ઇન્સ્પેક્ટર, પોલીસ સ્ટાફ તથા સમાજિક આગેવાનો તથા ટ્રાફિક વેલ્ફેર એન્ડ રોડ સેફ્ટી ફાઉન્ડેશન (એન.જી.ઓ.) ના ચીફ કોડીનેટર ચીરાયું શાહ નાઓ દ્વારા ગોરવા પોલીસ સ્ટેશન ખાતે આગામી દિવસમા આવતા ઉતરાયણના તહેવાર અનુસંધાને નાગરિકોની સેફ્ટી અને સુરક્ષાને ધ્યાને રાખી ટુ વિલ્હર બાઈકો તેમજ એક્ટિવા મા સેફ્ટી ગાર્ડ લગાવવામાં આવ્યા.

દૂષિત પાણીની દુર્ગંધથી રહીશો અને ભક્તો પરેશાન

ઈસ્કોન મંદિર માર્ગ પર ગંદા પાણીનું સામ્રાજ્ય શિયાળામાં સર્જાયા ચોમાસા જેવા દ્રશ્યો

તંત્રની ઘોર બેદરકારી સામે લોકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ જાણીતા ઈસ્કોન મંદિર તરફ જતા મુખ્ય માર્ગ પર ગંદા અને દૂષિત પાણી ફરી વળતા સ્થાનિકો અને રાહદારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાડ થીજવતી ઠંડી અને શિયાળાની ઋતુ હોવા છતાં, રસ્તા પર ભરાયેલા પાણીને કારણે જાણે ચોમાસું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પશ્ચિમ વિસ્તારના ઈસ્કોન મંદિર જતા માર્ગ પર છેલ્લા કેટલાય સમયથી ગંદા પાણીની રેલમછેલ જોવા મળી રહી છે. આ દૂષિત પાણી રસ્તા પર ચારે તરફ ફેલાઈ ગયું છે, જેના કારણે આખા વાતાવરણમાં અસહ્ય દુર્ગંધ પ્રસરી ગઈ છે. મંદિરે દર્શન કરવા

જતા ભક્તો અને આસપાસના રહીશોને આ દુર્ગંધના કારણે શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે.

શિયાળાની ઋતુમાં રસ્તાઓ પર પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધવાની અને ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી. રસ્તા પર ગંદા પાણીના કારણે વાહનચાલકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

વડોદરા સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે રસ્તા પર વહેતા ગંદા પાણી તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા કરી રહ્યા છે. લોકોની માંગ છે કે આ સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવામાં આવે જેથી ગંદકી અને દુર્ગંધથી છુટકારો મળી શકે.

રાણાવાસ વિસ્તારમાં ગટરયુક્ત પાણી પીવા રહીશો મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

વડોદરા શહેરના રાણાવાસ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીમાં ગટરનું ગંદુ પાણી ભળવાની સમસ્યાને કારણે સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા આજે સ્થાનિકોનો રોષ ફાટી નીકળ્યો હતો અને તેઓએ મીડિયા સમક્ષ પોતાની વેદના ઠાલવી હતી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, તેમના વિસ્તારમાં જે પાણી સપ્લાય કરવામાં આવે છે તે અત્યંત ગંદુ અને દુર્ગંધયુક્ત હોય છે. પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવાને કારણે નાના બાળકો અને વડીલોમાં રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. અનેક ઘરોમાં લોકો બીમાર પડી રહ્યા હોવાની પણ ફરિયાદો ઉઠી છે. સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં નહીં આવે, તો તેઓ ઉગ્ર આંદોલન કરશે અને મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીએ જઈ હલ્લાબોલ કરશે. હાલમાં આ વિસ્તારના લોકો ગંદા પાણીની સમસ્યામાંથી ક્યારે મુક્તિ મળશે તેની રાહ જોઈ રહ્યા છે.

રોષે ભરાયેલા સ્થાનિકોએ જણાવ્યું હતું કે, ₹અમે અનેકવાર કોર્પોરેશનમાં અને સ્થાનિક કાઉન્સિલરોને રજૂઆત કરી છે, પરંતુ દરેક વખતે માત્ર આશ્વાસન જ મળે છે. ગંદા પાણીને કારણે અમારે પીવાનું પાણી બહારથી લાવવું પડે છે અથવા તો વેચાતું લેવું પડે છે. ટેક્સ ભરવા છતાં અમને પાયાની સુવિધા પણ મળતી નથી.

15 વર્ષીય આસામના કિશોરનું પરિવાર સાથે સુખદ મિલન

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

આસામથી કામ કરવાના બહાને ગુજરાત આવેલા અને ત્યારબાદ વડોદરા રેલ્વે સ્ટેશન પરથી મળી આવેલા 15 વર્ષીય કિશોર અબ્દુલ મજીબર રહેમાન મન્નાનનું ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને પોલીસના સંયુક્ત પ્રયાસોથી તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં આવ્યું છે.

ગત 17 નવેમ્બર 2025ના રોજ વડોદરા રેલ્વે પ્લેટફોર્મ નંબર-1 પરથી આ કિશોર ચાઈલ્ડ લાઈન અને RPFને મળી આવ્યો હતો. CWC ચેરમેન મેહુલ લાખાણીના આદેશથી તેને દીપક ફાઉન્ડેશન સંસ્થામાં આશ્રય આપવામાં આવ્યો હતો. કાઉન્સેલિંગ દરમિયાન કિશોરે જણાવ્યું હતું કે, તેના ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તે સુરત ખાતે તેના મિત્ર સાથે કામ કરવા આવ્યો હતો. જોકે, તપાસમાં બહાર આવ્યું હતું કે તેને ભણવા માટે સુરતના કોસંબાની એક મદરેસામાં મોકલવામાં આવ્યો હતો, પરંતુ તેને ત્યાં ભણવું ન હોવાથી તે ત્યાંથી નીકળી ગયો હતો. સંસ્થાના પ્રોબેશન ઓફિસર સંધ્યા સપકાળ અને વડોદરા CWCની ટીમે આસામ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

વડોદરા જિલ્લામાં 'લેપ્રસી કેસ ડિટેક્શન કેમ્પેઈન' સફળતાપૂર્વક સંપન્ન

જિલ્લામાં 'રક્તપિત્ત શોધ અભિયાન' અંતર્ગત 98 નવા દર્દીઓ શોધી સારવાર હેઠળ લેવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા 'રક્તપિત્ત મુક્ત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે વડોદરા જિલ્લામાં 'લેપ્રસી કેસ ડિટેક્શન કેમ્પેઈન' (LCDC) સફળતાપૂર્વક સંપન્ન થયું છે. તાજેતરમાં તા. ૦૮-૧૨-૨૦૨૫ થી ૨૭-૧૨-૨૦૨૭ દરમિયાન વડોદરા ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ સઘન ઝુંબેશ માટે કુલ ૧૬૮૨ ટીમો કાર્યરત કરવામાં આવી હતી. જેમાં ગ્રામ્ય સ્તરે ૧૨૮૨ ટીમો અને કોર્પોરેશન વિસ્તારમાં ૪૦૦ ટીમો દ્વારા ઘરે-ઘરે જઈને નાગરિકોનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ટીમો દ્વારા રહેણાંક મકાનો ઉપરાંત શાળાઓ અને ઈંટના ભઠ્ઠા જેવા શ્રમિક વિસ્તારોમાં પણ વિશેષ મુલાકાત લઈ સર્વેની કામગીરી કરવામાં આવી હતી.

સર્વે દરમિયાન ટીમોને રક્તપિત્તના લક્ષણો ધરાવતા હોવાની આશંકા હોય

તેવા કુલ ૬૬૯૭ શંકાસ્પદ કેસ મળી આવ્યા હતા. તબીબી તપાસ બાદ આ પૈકી કુલ ૯૮ નવા રક્તપિત્તના દર્દીઓ મળી આવ્યા છે, જેમને તાત્કાલિક ધોરણે સારવાર હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જો કે રાહતની બાબત એ છે કે સર્વે દરમિયાન કોઈ પણ બાળ દર્દી કે ગંભીર વિકલાંગતા ધરાવતા નવા કેસ નોંધાયા નથી.

આ અભિયાનને સફળ બનાવવા માટે આરોગ્ય કર્મચારીઓ માટે ખાસ તાલીમ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી દ્વારા ફિલ્ડ વિઝિટ કરીને સર્વેક્ષણની કામગીરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

વડોદરા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિત્તના દર્દીઓને વહેલી તકે શોધીને તેમને સંપૂર્ણ અને મફત સારવાર પૂરી પાડવા માટે આ અભિયાન અત્યંત કારગત નીવડ્યું છે. આવનારા સમયમાં પણ આવા અભિયાનોથી રોગની સમયસર ઓળખ અને સારવાર શક્ય બનશે.

હોટેલ સુર્યા પેલેસના એકાઉન્ટન્ટના મકાનમાંથી રૂ.1.89 લાખની મતાની ચોરી

એકાઉન્ટન્ટ તથા તેમનો પુત્ર રૂમમા ઉઘતા હતા જ્યારે પત્ની પાડોશમાં ગયા ત્યારે ચોરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

વડોદરા શહેરના બીલ કેનાલ રોડ પર આવેલા આવકાર બંગ્લોઝમાં રહેતા પન્નાબેન શશીકાંત પટેલ (ઉ.વ.56)એ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે મારા પતિ સયાજીગંજ ખાતે આવેલી હોટલ સુર્યા પેલેસમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. ગત 7 જાન્યુઆરીના રોજ રાત્રીના અમે જમી પરવારીને આશરે સાડા દસેક વાગ્યે મકાનના ઉપરના રૂમમાં જઈ સુઈ ગયા હતા. 8 જાન્યુઆરીના રોજ રાત્રીના આશરે બે વાગ્યાના સુમારે અમારી સોસાયટીમાં ગીતાબેન મફતભાઈ પંચાલે મારા ઉપર ફોન કરી પોતાના ઘરે પાપડી વણવા માચે બોલાવતા હું ઉપરના રૂમમાંથી નીચે ઉતરીને મકાનના નીચેના મુખ્ય દરવાજાને ઈન્ટરલોક કરી તેમજ મુખ્ય દરવાજાની આગળ લોખંડની જાળીવાળા દરવાજાને તાળુ મારી ગીતાબેન પંચાલના ઘરે ગયા હતા. મારા પતિ તથા મારો દિકરો સંકેત મકાનના પ્રથમ માળે એક રૂમમાં સુઇ ગયા હતા. હુ ગીતાબેનના ઘરેથી પાપડી વણવાનુ કામ પૂર્ણ કરીને સવારના આશરે છ વાગે ઘરે પરત આવી હતી.

ત્યારે અમારા મકાનનો મુખ્ય લોખંડનો જાળીવાળો દરવાજો ખુલ્લો હતો અને અંદરના લાકડાના દરવાજાનું ઈન્ટરલોક તુટેલી હાલતમાં હતું. જેથી મે મકાનમાં જઈને જોતા બેઠક રૂમમાં સામાન વેર વિખેર હાલતમાં પડેલો હતો. જેથી મે મારા પતિ તથા દિકરા જગાડયા હતા. મારા પતિ તથા દિકરો જે રૂમમાં સુઈ રહ્યાં હતા તેની બાજુના રૂમમાં લાકડાના કબાટમાં મુકેલા સ્ટીલના ડબ્બામાં સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા 15 હજાર મળી રૂ. 1.89 લાખની મતાની ચોરી થઇ હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પતિ અને પુત્ર રૂમમાં ઉઘતા હતા જ્યારે હુ પાડોશીના ઘરે ગઇ હતી ત્યારે તસ્કરોએ ખેલ પાડી રફુ ચક્કર થઇ ગયા હતા. જેથી અટલાદરા પોલીસે ચોરીનો ગુનો નોંધી તસ્કરોનું પગેરુ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા SC મોરચાના નવ નિયુક્ત પ્રદેશ અધ્યક્ષનું સન્માન

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ગુજરાત પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ પૂર્વ સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકીના ભવ્ય સ્વાગત-સન્માન સમારંભનું આયોજન ડૉ. બી.આર. આંબેડકર ભવન, રેસકોર્સ, વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ, વડોદરા મહાનગર ભાજપ અધ્યક્ષ ડૉ. જયપ્રકાશ સોની, શહેર મોરચાના પ્રમુખ હર્ષદભાઈ પરમાર, રાજ્યસભાના પૂર્વ સાંસદ રાજુભાઈ પરમાર, મહામંત્રી જસવંતસિંહ સોલંકી, સત્યેનભાઈ કુલાબકર, સ્થાયી સમિતિના ચેરમેન ડૉ. શીતલબેન મિસ્ત્રી, પૂર્વ ડેપ્યુટી મેયર જીવરાજભાઈ

ચૌહાણ, શહેર મોરચાના પ્રભારી મુકેશભાઈ શ્રીમાળી તેમજ અનુસૂચિત જાતિના કાઉન્સિલરો, મોરચાની ટીમ અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા.

તાજેતરમાં ભારતીય જનતા પાર્ટી પ્રદેશ સંગઠન દ્વારા વિવિધ મોરચાના પ્રદેશ અધ્યક્ષોની નિમણૂક કરવામાં આવી હતી, જેમાં અમદાવાદ પશ્ચિમના પૂર્વ સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકીની અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂક થઈ. આ પ્રસંગે હર્ષદભાઈ પરમારે સ્વાગત પ્રવચન આપ્યું અને સમાજ માટે ગૌરવની વાત હોવાનું જણાવ્યું. ડૉ. જયપ્રકાશ સોનીએ નવા દાયિત્વ માટે શુભેચ્છા પાઠવી, જ્યારે ડૉ. કિરીટભાઈ સોલંકીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો પર પ્રકાશ નાખી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું. અંતે સૌ કાર્યકર્તાઓ અને સામાજિક સંસ્થાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

બેંકમાંથી લોન મેળવી ઠગાઈ કરનાર ગેંગના વધુ એક આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

વર્ષ 2025માં ગોરવા વિસ્તારમાં આવેલા ઈલોરાપાર્કમાં આવેલી બેંકમાંથી ખોટા દસ્તાવેજો આધારે રૂ.1.97 કરોડની હોમ લોનો મેળવી ઠગાઈના ગુનામાં સંડોવાયેલા કેટલાક આરોપીઓ નાસતા ફરતા રહે છે. જેથી ક્રાઇમ બ્રાન્ચની ટીમે આ ફરાર આરોપીઓની ટેકનીકલ-હ્યુમન સોર્સ આધારે શોધખોળ શરૂ કરાઈ છે ત્યારે આ આરોપીઓ પૈકીનો વધુ એક નાસતો ફરતો આરોપી ધર્મેન્દ્ર વૃંદાવન વાઘેલા (રહે. અવધ આશ્રય ફ્લેટ વાસણા રોડ વડોદરા મુળ રહે. નેમીનાથનગર દોલતપરા જુનાગઢ)ની તપાસ દરમ્યાન સુરત વરાછા લજામણી ચોક ખાતે વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડ્યો હતો. વડોદરા લાવ્યાં બાદ આરોપીને આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.

ગુજરાત પ્રદેશ સુથાર સમાજના પ્રમુખની રાષ્ટ્રીય સ્તરે નિમણૂકથી સમાજમાં ઉત્સાહ

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

ગુજરાત પ્રદેશ સુથાર સમાજના પ્રમુખને રાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત પ્રદેશ સુથાર સમાજના અગ્રણી કાર્યકર્તા ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીય કાર્યકારિણી

સમિતિમાં સમાવેશ થવા સાથે તેમને રાષ્ટ્રીય સ્તરે જવાબદારી આપવામાં આવી છે. આ નિમણૂકથી સમગ્ર સમાજમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

તાજેતરમાં નવી દિલ્હીમાં યોજાયેલા અખિલ ભારતીય વિશ્વકર્મા વંશ સર્વેલાન સંગઠનના રાષ્ટ્રીય સંમેલનમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સંમેલનમાં હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર તેમજ ગુજરાત સહિતના રાજ્યોમાંથી સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પ્રદેશ સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રી છેલ્લા ત્રણ દાયકાથી સમાજને સંગઠિત કરવા, શિક્ષણ, આરોગ્ય, આર્થિક તથા સામાજિક વિકાસ માટે સતત કાર્યરત રહ્યા છે. સમાજના યુવાનોને આગળ લાવવાની દિશામાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. રાષ્ટ્રીય સ્તરે મળેલી આ જવાબદારીથી હવે સમાજના પ્રશ્નો વધુ અસરકારક રીતે રજૂ થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. સમાજના અગ્રણીઓએ આ નિમણૂકને ગુજરાત માટે ગૌરવપૂર્ણ ગણાવી શુભેચ્છાઓ પાઠવી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)
IDFC FIRST Bank
સીઆઈએનઃ L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ટેલિફોનઃ 91-44-45644000, ફેક્સઃ 91-44-45644022

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરિ મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું છે . તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રમાયિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

ક્ર. નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ	કલમ ૧૩ (૨) નોટિસ તારીખ	કલમ ૧૩ (૨) નોટિસ મુજબ બાકી રકમ
1	41470084	લોન અગેન્સ્ટ પ્રોપર્ટી	1. માયજીભાઈ દેસાઈ 2. રાજુભાઈ રામજીભાઈ દેસાઈ	13.12.2025	INR 6,16,745.93/-

મિલકતનું સરનામુંઃ ગ્રામ પંચાયત મિલકત નં. 2/196 નો તમામ હિસ્સો અને ભાગ, મિલકતનું ક્ષેત્રફળઃ 1166.82 ચોરસ ફૂટ, નવી નગરી, મુ. અમરેશ્વર, તાલુકોઃ ડભોઈ, જિલ્લોઃ વડોદરા, ગુજરાત-3917614. સીમાઓઃ પૂર્વઃ બુદ્ધિસાગરનું મકાન પશ્ચિમઃ રોડ ઉત્તરઃ મોહનભાઈનું મકાન દક્ષિણઃ ભાસ્કરભાઈનું મકાન

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમ